

કોઈ વ્યક્તિ પ્રકૃતિમાંથી પ્રેરણા મેળવે તે સ્વાભાવિક છે પરંતુ આશિષ કટારિયા નામના ચિત્રકારે પ્રકૃતિ ચિત્રો દોરતા દોરતા પ્રકૃતિમાં રહેલા વિવિધ આકારોને અમૂર્ત સ્વરૂપે ચિત્રોમાં સમાવ્યા છે. રંગો અને ટેક્ચરનું પ્રભુત્વ તથા સુંદર સંયોજન ધરાવતા આ ચિત્રોનું પ્રદર્શન અમદાવાદની ગુફા ખાતે યોજાયું છે. આ ચિત્રોમાં ક્યાંક ભામિક આકારની ઝલક જોવા મળે છે તો ક્યાંક પ્રકૃતિમાં રહેલા સર્જનની પ્રક્રિયા, રીધમમાં વહેતા આકારો, કુદરતી આકારો મૂર્ત આકારોનો ભાસ કરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લ ૧૭ વર્ષથી હેરિટેજ વિષયે આશિષ કટારિયા લાઈવ ચિત્રો કરવા માટે જાણીતા છે.

# ધનસુરા તાલુકામાં વિકાસના કામો પૂર્ણ થયા છતાં ગ્રાન્ટના ફાંફા

ધનસુરા, તા. ૧૧

ગુજરાત રાજ્યની ભારતીય જનતાપાર્ટીની સરકાર વિકાસના કામો માટે ગ્રાન્ટની ફાળવણી કરી દેવામાં આવી છે તેવી જાહેરાતો જોરશોરથી કરી રહી છે. પરંતુ જાણવા મળ્યા પ્રમાણે સરકારની વિવિધ યોજનાઓ જેવી કે ૧૫ ટકા વિવેકાધિન, એટીવીટી, આપણો તાલુકા વાયબ્રન્ટ તાલુકાના ૨૦૧૭-૧૮ના ગ્રામ પંચાયતોએ કામો પૂર્ણ કરી દીધા છે. છતાં આજદિન સુધી આ વિકાસના કામોની ગ્રાન્ટ ફાળવવામાં આવી ન હોવાથી પંચાયતો મુશ્કેલીમાં મુકાઈ છે. કોન્ટ્રાક્ટરોને પેમેન્ટ કઈ રીતે આપવા તે પ્રશ્ન સતાવે છે. કામો પૂર્ણ થઈ ગયેલનો રીપોર્ટ પણ મોકલેલ છે. છતાં ગ્રાન્ટ ફાળવવામાં ન આવતા ધનસુરા તાલુકાની તમામ ગ્રામ પંચાયતો મુશ્કેલી અનુભવે છે. ગુજરાતની લોકપ્રિય સરકાર સત્વરે ધનસુરા તાલુકાની ગ્રામ પંચાયતોની મુશ્કેલી સમજી ઉપરાંત પંચાયતોમાં વિવિધ યોજનાના કામો પૂર્ણ થઈ ગયા છે તેની ગ્રાન્ટ ફાળવે તેમ પંચાયતોની વિનંતી છે.

# ભિલોડા તાલુકાના ખેરોજ પાટીયા વિસ્તારમાં ભરચોમાસે પીવાના પાણી માટે વલખા

ભિલોડા તાલુકાના નાંદોજ ગ્રામ પંચાયત મતવિસ્તારના ખેરોજ પાટીયા વિસ્તારમાં પ્રજાજનોને ભરચોમાસે પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. ખેરોજ પાટીયા વિસ્તારમાં મહિલાઓને પીવાનું પાણી ભરવા માટે દુર-દુર સુધી ભટકવું પડે છે ત્યારે મહિલાઓની હાલત અત્યંત દયનીય છે. ખેરોજ પાટીયા વિસ્તારના જાગૃત ગ્રામજનો ધ્વારા અનેક રજુઆતો બાદ પણ કોઈના પેટનું પાણી હલતું નથી તેમ જણાવ્યું હતું. ખેરોજ પાટીયા વિસ્તારમાં પાણી માટે મહિલાઓ વચ્ચે ઘણીવાર છેડાય જાય છે પાણી યુધ્ધ ત્યારે મહિલાઓને લાઈનોમાં ઉભા રહી માટલા ભરવા પડતા હોય છે. ખેરોજ પાટીયા વિસ્તારમાં પીવાના પાણીનો કકડાટ વર્ષોથી અકબંધ રહ્યો હોવાનું જાણવા મળેલ છે. મહિલાઓ હેન્ડપંપમાંથી પીવાનું પાણી ભરવા મજબુર છે. સીમવિસ્તારોમાં દર દર ભટકી પીવાનું પાણી ભરતા હોય છે. ભિલોડા તાલુકાના ખેરોજ પાટીયા વિસ્તારમાં જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે પીવાના પાણીની સમસ્યા સત્વરે હલ કરવા પ્રબળ લોકમાંગણી છે.



# માથાસુલિયા પ્રાથમિક શાળામાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી

આજરોજ તા. ૯-૮-૨૦૧૭ના રોજ માથાસુલિયા પ્રા. શાળા, તા. મોડાસામાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવી. આદિવાસી દિનની ઉજવણી અંતર્ગત શાળામાં બાળકોને આદિજાતિને વિકાસના પંથે લઈ જનાર વૈચારિક ક્રાંતિના પ્રણેતા બિરસા મુંડા વિશે બાળકોને સમજ આપવામાં આવી. આદિજાતિના મહાપુરૂષ બિરસા મુંડાના આદિજાતિ વિકાસ માટેના પ્રયત્નોની જાણકારી આપવામાં આવી તેમજ વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. રણજીતકુમાર વણકરના માર્ગદર્શન હેઠળ શાળાના મુ.શિ. બાબુભાઈ ગામેતી તથા જયેશભાઈ પટેલે કાર્યક્રમનું ખુબજ સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી

અરવલ્લી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખ દ્વારા અરવલ્લી જિલ્લા ખાતે ૯મી ઓગષ્ટે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ તે અન્વયે જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આદિજાતિ વિસ્તારમાં ફ્રી નિદાન કેમ્પનું આયોજન તેમજ સ્વચ્છતા અભિયાન અન્વયે જાગૃતિ અભિયાનનુ આયોજન આજરોજ કરવામાં આવેલ. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીમાં તંદુરસ્ત બાળકોની હરીફાઈ, વક્તૃત્વ સ્પર્ધા તેમજ સ્વચ્છતા અંગે જાગૃતિ અભિયાન વિગેરે આયોજન આજરોજ કરવામાં આવેલ. જે અન્વયે જિલ્લાના આદીજાતિ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તૃત્વ સ્પર્ધા, પ્રભાતફેરી કાઢવા વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. આમ અરવલ્લી જિલ્લામાં આઝાદી પછી પ્રથમવાર જિલ્લા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ.



## ભિલોડામાં અહેમદ પટેલની જીતનો જશ્ન મનાવાયો

ભિલોડામાં કોંગ્રેસ સમિતી હોદ્દેદારો, કાર્યકરો ધ્વારા રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલની જીતનો જશ્ન ફટાકડાની આતશબાજી કરી મનાવાયો હતો. આ પ્રસંગે ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી મંત્રી વનરાજસિંહ રાઠોડ, અરવલ્લી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતી ચેરમેન શુભેન્દ્રસિંહ સિસોદીયા, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન ડામોર, કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ટી.કે.પાંડોર, ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવત, મીરાબેન ખરાડી, શાંમળભાઈ ભાંભી, ડુંગરસિંહ રાઠોડ, હર્ષદભાઈ ત્રિવેદી, જીતુભાઈ બરંડા, કંદર્પભાઈ પટેલ સહિત કોંગ્રેસ સમિતી હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારાની કોંગ્રેસ પક્ષ તરફની નિષ્ઠા, પ્રમાણીકતા, ઈમાનદારીને બિરદાવતા કોંગ્રેસી કાર્યકરોએ ભાજપ વિરોધી સુત્રોચ્ચારો પોકાર્યા હતા.

# પૂરગ્રસ્ત વિસ્તારોમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા રાહત કામગીરી હાથ ધરાઈ

અમદાવાદ, તા. ૧૧

તાજેતરમાં ભારે વરસાદના કારણે ગુજરાતના અનેક વિસ્તારોમાં પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે અને તેને કારણે લોકોને માઠી અસર થઈ છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા જીએસડીએમએ સ્થાનિક મામલતદારો અને રેવન્યુ વિભાગના અન્ય અધિકારીઓ પાસેથી માહિતી મેળવીને રાહત કામગીરી માટે અમદાવાદની બે અને મુંદ્રાની એક મળીને ત્રણ ટીમો કામે લગાડવામાં આવી છે.

આ ત્રણેય ટુકડીઓએ બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલા વિસ્તારોનું સર્વેક્ષણ હાથ ધર્યુ હતુ. સૌ પહેલા મોકલાયેલી રાહત ટીમે ૬ ગામો આવરી લીધા હતા. જેમાં ધાનેરા તાલુકાની આસીસ, સરલ, સરલવીદ, સંકાલ, જોરાપુરા અને રામુના ગામોનો સમાવેશ થાય છે. કામે લગાડેલી બીજી ટીમે ધાનેરા તાલુકાના ૧૨ ગામોનો સર્વે કર્યો હતો અને તેમાંથી માઠી અસર પામેલી ૩૩ હજાર લોકોની વસતિને શોધી કાઢી હતી. મુદ્રાના અધિકારીઓની બનેલી ત્રીજી ટીમે થરાદ તાલુકાના ૬ ગામોને આવરી લઈને સહાયપાત્ર અંદાજે ૯ હજાર લોકોને ઓળખી કાઢ્યા હતા. આ સર્વે દ્વારા ફાઉન્ડેશનને જમીની વાસ્તવિકતા અને જ્યાં મહત્તમ સહાય તેમજ રહાત કાર્યની જરૂર છે તેવા સ્થળોની ઓળખ પ્રાપ્ત થઈ હતી.

આ તમામ કીટમાં તાત્કાલિક જરૂર પડે તેવી કરિયાણા તથા અન્ય વપરાશી ચીજો તેમજ તાડપત્રી અને ચોરસાનો સમાવેશ કરાયો હતો.

# રણુંજાના પદયાત્રીઓ માટે પોસાલીયા ખાતે સેવાકેન્દ્ર

મોડાસા,તા.૧૧

કિલયુગના હાજરાહજૂર ભગવાન રામદેવજીની તીર્થભૂમિ રણુજાના મહામેળામાં જતા-આવતા પદયાત્રીઓ સહિતના દર્શનાર્થી ભક્તો માટે ગત વર્ષની જેમ આ વર્ષે પણ સિરોહી પાલી રોડ ઉપર, સિરોહીથી ૨૮ કિમિ પાલી રોડ ઉપર પોસાલીયા ગામે રામદેવ પદયાત્રી સેવા સમિતિ,અરવલ્લી(મોટી ઈસરોલ) દ્વારા પોસાલીયા ગ્રામજનોની સેવાના સ્નેહભર્યા સાથ-સહયોગથી આ સ્થળે સતત બીજા વર્ષે ૧૭માં ભંડારાનું આયોજન કરાયું છે જેમાં ચા-નાસ્તો, ભોજન, રાત્રી રોકાણ, યાત્રિકોની આરોગ્યલક્ષી સેવાઓનો પણ સમાવેશ થાય છે.

જેનો પ્રારંભ તા.૯ મી ઓગસ્ટને બુધવારે રામદેવ ઉપાસક પૂ. હીરાદાદાના સુભાષિશ સાથે પોસાલીયા સરપંચ રાજેન્દ્રકુમાર માલીએ બાબા રામદેવજીની મહાઆરતી સાથે શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે સ્થાનિક આગેવાનો હિન્દી અખબારના સ્થાનિક પત્રકાર અને નિવૃત્ત આચાર્ય હમીરસિંહ રાવ, નિવૃત્ત પોલીસ અધિકારી કિશોરસિંહ દેવડા, ટેન્ટ દાતા ઉમેદજી, ટેન્ટ સ્થળ સેવાદાતા હરિશ્ચંદ્રસિંહ, બિટુભાઈ શાહ, કમલભાઈ, પુખરાજ માલી, લાડુરામ માલી, નરેન્દ્રસિંહ રાવ, શેતાનસિંહ, હરિરામ રાઠોડ, પેમારામ કુમાવત, રાજુભાઈ એલ.માલી, સુરેશકુમાર માલી, છગનલાલ સેન, મંછારામ માલી સહિત સેવાભવી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ખાસ ભંડારાની પ્રારંભ સમારોહમાં પૂ.હીરાભાઈ બાવજી અને પ્રભુદાસ સાથે ઈસરોલથી કનુભાઈ પટેલ, રેલકંપાથી વિનુભાઈ પટેલ, ભાટકોટાથી કિશોરસિંહ રાવ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પોસાલીયાના રહીશ અને નિવૃત્ત સનંદી અધિકારી દેવારામજી સેન તરફથી ભંડારામાં તેમના જય બાબારી મિનરલ વોટર નિઃશુલ્ક પૂરું પાડવામાં આવી રહ્યું છે.



## આજીવન કેદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે ગોંડલ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં અત્યંત ચર્ચાસ્પદ નિલેશ રૈયાણી ખૂન કેસ રાજકોટની ફાસ્ટટ્રેક કોર્ટમાં જજ ડીડી રાજપૂતે જયરાજસિંહ સહિત ૧૫ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. જ્યારે એક આરોપી સમીર સિરાજ પઠાણને હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ફટકારી હતી. હાઈકોર્ટના ચૂકાદા બાદ ભાજપના ધારાસભ્ય જયરાજસિંહ જાડેડાને જો કોર્ટ તરફથી રાહન ન મળી તો એસેમ્બલીમાંથી ડિસ્કવાલીફાઈડ થઈ શકે છે. સૌપ્રથમ આ કેસ પ્રથમ ગોંડલ એડશિનલ સેશન્સ મામોતરાની અને બાદમાં એચ.જી.ભટ્ટની કોર્ટમાં ચાલ્યો હતો.

## તાલુકામાંથી ૧-૧ કેસ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ કેસ કલોલમાંથી મળ્યા છે. દહેગામમાંથી આજે ૩જો કેસ મળી આવેલ છે. જ્યારે માણસામાંથી ૪થો કેસ મળી આવેલ છે. આ સાથે ચાલુ માસ દરમ્યાન જ ૧૦થી વધુ કેસ મળી આવતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે.

જિલ્લાતંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો નિર્ણય લેવાયા પછી તેનુ કોઈ જ પ્રકારે મોનીટરીંગ નહિ થતુ હોવાનું જણાઈ રહેલ છે. આ સર્વેલન્સમાં શુ બહાર આવી રહ્યુ છે તેને લઈ જિલ્લાના અધિકારીઓ પણ અજાણ હોવાનું મનાઈ રહ્યુ છે. આનુ આયોજન બને તે અંગેની તાલિમ ક્યાં અને ક્યારે અપાઈ તે વિશે પણ તંત્ર મૌન છે. માત્ર આશા કાર્યકરો સર્વેલન્સમાં હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તે જોતાં આગામી દિવસો વધુ પડકારજનક હશે તેમ મનાઈ રહ્યુ છે. આજે મળેલા ૩ કેસોના પગલે સર્વેલન્સ સઘન રીતે હાથ ધરવામાં આવ્યુ છે. જે દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં હોવાનું જાણવા મળેલ છે.

## પોઝીટીવ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ લેબોરેટરી સરકાર દ્વારા સ્વાઈન ફ્લુના પરીક્ષણ માટે માન્ય કરાયેલ છે. જ્યારે બીજા દર્દીનો નમુનાઓનું પરીક્ષણ સોલા જીએમઆઈઆરએસ ખાતે થયુ હતુ અને તેમાં રિપોર્ટ પોઝીટીવ જણાયેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માંથી મળી આવેલ દર્દીની સાથેની બે વ્યક્તીઓને તાવ અને કફની અસર જણાતાં તંત્ર દ્વારા ટેમીફ્લુ આપી દેવામાં આવી છે. આ ઉપરાંત પરિવારના અન્ય ચાર સભ્યો પણ સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

સે. ૩માંથી મળેલ દર્દીની નજીક રહેતા ૩ વ્યક્તીઓને પણ તંત્ર દ્વારા સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

શહેરના આરોગ્યતંત્ર દ્વારા દર્દીઓના ઘરની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જો કે કોઈ અન્ય વ્યક્તી કે દર્દી તાવ-શરદીની ફરિયાદ કરતા મળી આવ્યા નથી.

દરમ્યાન શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોને પગલે મનપાની કચેરી ખાતે રોગપ્રતિકારક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ શરૂ કરવાનો નિર્ણય પણ તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. શહેરી વિસ્તારમાં આ સપ્તાહ દરમ્યાન જ ૩ કેસ મળી આવતાં તંત્રએ સર્વેલન્સની કામગીરી સઘન બનાવી છે.

## રાજીનામા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપના ઉમેદવારને વોટ આપ્યો હતો. શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ છોડ્યા બાદ અને તેમના જૂથના સભ્યોએ પણ કોંગ્રેસના વ્હીપનો અનાદર કરતાં તેમને કોંગ્રેસ દ્વારા છ વર્ષ સસ્પેન્ડ કરાયા હતા.

રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અધ્યક્ષાના રાજકીય સલાહકાર વરિષ્ઠ નેતા એહમદભાઈ પટેલને મત આપવાના પક્ષના આદેશનું ઉલ્લંઘન કરીને ભાજપની તરફેણમાં ક્રોસ વોટિંગ કરનારા વિરોધપક્ષના પૂર્વ નેતા શંકરસિંહ વાઘેલા, તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા અને રાઘવજી પટેલ સહિતના આઠ ધારાસભ્યોને બુધવારે સાંજે કોંગ્રેસમાંથી છ વર્ષ માટે બરતરફ કરવામાં આવ્યા છે.

## ફિસ્કલ ડેફિસિટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય પરિબળો પણ રહેલા છે જે ૨૦૧૬-૧૭ના પ્રથમ ત્રિમાસિક ગાળાથી સક્રિય રહેલા છે. ફેબ્રુઆરી મહિનામાં બજેટ વેળા આર્થિક સર્વેના પ્રથમ ભાગને રજૂ કરવામાં આવ્યો હતો જેમાં જીડીપી વિકાસદરની રેંજ ૬.૭૫ ટકાથી ૭.૫ ટકા જેટલી આંકવામાં આવી હતી. ત્યારબાદથી અનેક નવા પરિબળો નવા આવી ગયા છે જેમાં રિયલ એક્સચેંજ રેટ, કૃષિ લોન માફી, પાવર, ટેલિકોમ, એગ્રીકલ્ચરને લઈને તકલીફોનો સમાવેશ થાય છે.

સર્વેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૭-૧૮માં ફિસ્કલ ડેફિસિટનો આંકડો જીડીપીના ૩.૨ ટકા સુધી રહેશે જે ૨૦૧૬-૧૭માં ૩.૫ ટકા હતો જ્યારે રિટેલ ફુગાવો માર્ચ સુધી ચાર ટકાથી નીચે રહી શકે છે. આવી જ રીતે ૨૦૧૭-૧૮ માટે ફિસ્કલ આઉટલુક અનિશ્ચિત છે.

## વધુ સુનાવણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાષાઓમાં છે જેના ઉપર સુન્ની વક્ફ બોર્ડે આ દસ્તાવેજના અનુવાદની માંગ કરી હતી. અયોધ્યા મામલામાં ટાઈટલ વિવાદને લઈને સુપ્રીમ કોર્ટમાં તમામ પક્ષકારો તરફથી સુપ્રીમ કોર્ટમાં ખાસ અનુમતિ અરજી દાખલ કરવામાં આવી હતી. અયોધ્યાના વિવાદાસ્પદ માળખાને લઈને હાઈકોર્ટે જે ચુકાદો આપ્યો છે ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં તમામ પક્ષો તરફથી ખાસ અનુમતિ અરજી દાખલ કરવામાં આવી હતી. અરજી સુપ્રીમ કોર્ટમાં છ વર્ષથી પેન્ડિંગ રહેલી છે. ગયા વર્ષે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે સ્વામીને આ મામલામાં પક્ષકાર બનાવવામાં આવ્યા હતા. સ્વામીએ રામ મંદિર નિર્માણ માટે એક અરજી દાખલ કરી હતી. સ્વામીએ દાવો કર્યો હતો કે, ઈસ્લામિક દેશોમાં કોઈ જાહેર સ્થળથી મસ્જિદને દૂર કરવાની જોગવાઈ રહેલી છે. તેનું નિર્માણ કોઈપણ જગ્યાએ કરવામાં આવી શકે છે.

## સંપૂર્ણ સમર્થ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. જેટલીએ કહ્યું હતું કે, લશ્કરી દળો સંપૂર્ણ સક્ષમ અને આધુનિક છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, દેશના સુરક્ષા દળોની પાસે પુરતા પ્રમાણમાં સંશાધનો પણ છે અને આને લઈને કોઈ શંકા કરવી જોઈએ નહીં. ડોકલામ વિસ્તારમાં ચીની સેના દ્વારા માર્ગ નિર્માણને લઈને ભારતે વાંધો ઉઠાવ્યો હતો. ભારતીય સેનાએ તે વિસ્તારમાં ચીની સેનાના નિર્માણ કાર્યને રોકી દેતા વિવાદની શરૂઆત થઈ હતી. ૧૬મી જૂનના દિવસે થયેલી આ ઘટના બાદ બંને દેશો વચ્ચે ખેંચતાણ થયેલી છે. ચીન ભારતથી ડોકલામમાંથી પોતાની સેનાને દૂર કરવાની માંગ કરી રહ્યું છે. ચીનનું કહેવું છે કે, સેનાને ખસેડી લીધા બાદ જ કોઈ પ્રકારની વાતચીત કરવામાં આવશે. ડોકલામમાં માર્ગ નિર્માણને લઈને ભુટાને પણ વાંધો ઉઠાવ્યો હતો. ભૂટાને આને પોતાના ક્ષેત્ર તરીકે ગણાવીને ચીન પર યથાસ્થિતિના ભંગનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. ચીન અને ભારતની ૩૪૮૮ કિલોમીટર લાંબી સરહદમાંથી આશરે ૨૨૦ કિલોમીટર લાંબી સરહદ સિક્કિમમાંથી પસાર થાય છે.

## શપથવિધિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નાયડુએ રાજ્યસભાની કાર્યવાહીમાં ભાગ લીધો હતો. સત્તાધારી ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ દ્વારા તેમના સ્વાગતમાં સ્પીચ આપવામાં આવી. પીએમ નરેન્દ્ર મોદીએ સરકાર તરફથી અને વિપક્ષ તરફથી કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદે સ્પીચ આપી. મોદીએ દેશના તમામ સર્વોચ્ચ પદો રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન વગેરે પર ગરીબ બેકગ્રાઉન્ડના લોકોના પહોંચવા બદલ લોકતંત્રના વખાણ કર્યા હતાં.

પીએમ નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાં કહ્યું કે વેંકૈયા નાયડુ સદનની દરેક બારીકાઈથી પરિચિત છે. તેઓ એક એવા સભાપતિ છે જેમને સદનની કાર્યવાહીની સંપૂર્ણ જાણકારી છે. સાર્વજનિક જીવનમાં તેઓ જેપી આંદોલનની પેદાઈશ છે. તે વખતે જે આંદોલન ચાલી રહ્યું હતું તેના તેઓ આંધ્ર પ્રદેશના યુવા નેતા તરીકે આગળ વધીને નેતૃત્વ કરતા જોવા મળ્યાં હતાં. અનેક વર્ષો સુધી મને તેમની સાથે કામ કરવાની તક મળી. પીએમ મોદીએ નાયડુની ભાષણ કળા અને તુકબંધીને પણ વખાણ્યાં. તેમના જણાવ્યાં મુજબ નાયડુંનુ ભાષણ માત્ર શબ્દોનો ખેલ નથી પરંતુ તે મનને સ્પર્શી જાય છે.

## કંપની સમાચાર

### અમદાવાદમાં ૧૬મી નેશનલ યુસીમાસ અબેક્સ અને મેન્ટલ એરિથમેટિક સ્પર્ધા યોજાશે

ભારતમાં અબેક્સ આધારિત એરિથમેટિક પ્રોગ્રામ રજૂ કરનાર યુસીમાસ દ્વારા અમદાવાદમાં ટ્રાન્સસ્ટેડિયા સંકુલ ખાતે તા. ૧૯ અને ૨૦ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ ૧૬મી નેશનલ યુસીમાસ અબાક્સ અને મેન્ટલ એરિથમેટિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ગણિત અસાધારણ મહારથીપણુ ધરાવતા (૪ થી ૧૩ વર્ષની ઉંમરના) વિદ્યાર્થીઓ માટેની આ સ્પર્ધા ગુજરાતમાં સૌ પ્રથમ વખત યોજાઈ રહી છે, જેમાં ૭ હજારથી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓ સામેલ થશે, જેમાં ગુજરાતના વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૩ હજાર જેટલી હશે. રાષ્ટ્રિય સ્પર્ધાને સમાંતર ગુજરાત માટે પણ ૧૩મી રાજ્યસ્તરની યુસીમાસ અબાક્સ અને મેન્ટલ એરિથમેટિક એજ સ્થળ અને તારીખના રોજ યોજાશે. લિમકા બુક ઓફ રેકર્ડઝ, એશિયા બુક ઓફ રેકર્ડઝ અને ઈન્ડીયા બુક ઓફ રેકર્ડઝના પ્રતિનિધિઓ દ્વારા આ મેગા ઈવેન્ટનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે.

યુસીમાસ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ અને સીઓ ડૉ. સ્નેહલ કારીયા જણાવે છે કે ‘મલેશિયામાં ૧૯૯૩માં પ્રારંભ કરાયો તે પછી, છેલ્લાં ૨૪ વર્ષમાં યુસીમાસ દ્વારા બ્રેઈનના બહેતર વિકાસ માટે સતત નવતર પ્રકારની ટેકનિક્સ વિકસાવવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. યુસીમાસ ભારતમાં વર્ષ ૧૯૯૯થી ૨૫ રાજ્યોમાં ૨૦૦થી વધુ કેન્દ્રો મારફતે ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને તાલિમ આપ્યાની અનોખી સિદ્ધિ ધરાવે છે. નેશનલ સ્પર્ધાની ૧૬મી એડીશને બાળકો માટે તેમની ગણિત અંગેની કુશળતા દર્શાવવાનું તથા જીવનમાં શરૂઆતના સમયમાં તંદુરસ્ત સ્પર્ધા ભાવના દર્શાવવાનું આદર્શ માધ્યમ બની રહેશે.

યુસીમાસ વિઝ્યુઅલ, ઓડીટરી કિનેસ્થેટિક્સ/ટેકટાઈલ-નામની ત્રણ લર્નીંગ સ્ટાઈલનો ઉપયોગ કરાય છે. આ પ્રોગ્રામ મહદઅંશે માનવ શરીર રચનાના વિકાસમાં સહાયક બને છે, કારણ કે તે શરીરના ૫+૫ અંગોના વિકાસમાં સહાયક બને છે.

### અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ બની રહી છે વિદેશી પ્રવાસીઓની પહેલી પસંદ

ગુજરાતમાં અગ્રણી ખાનગી હોસ્પિટલમાંની એક અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ વધુને વધુ વિદેશી પ્રવાસી દર્દીઓ માટે ટોચનું ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બની રહી છે. કેન્સર, ઓર્થોપેડિક્સ, કાર્ડિયોલોજી, કિડની અને ગેસ્ટ્રો સાથે સંબંધિત રોગોની સારવાર કરતી આ હોસ્પિટલમાં છેલ્લાં પાંચ વર્ષમાં વિદેશી દર્દીઓમાં આશરે ૩૫ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદનાં હેલ્થકેર સર્વિસ-ઈન્ટરનેશનલનાં જનરલ મેનેજર શાહિદ પરવેઝે આ ટ્રેન્ડ અંગે જણાવ્યું હતું કે, “અપોલો હોસ્પિટલ્સ અનેક પાસાંઓમાં પથપ્રદર્શક છે અને મેડિકલ ટ્રાવેલનાં ફિલ્ડમાં કન્સેપ્ટ લીડર તરીકે શાખ ધરાવે છે. ચાલુ વર્ષે આશરે ૫૦૦ દર્દીઓ સારવાર માટે આવ્યાં છે અને અત્યારે આશરે ૨૫ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. વિદેશી દર્દીઓ મુખ્યત્વે હ્રદય અને કિડનીનાં રોગ ઉપરાંત કેન્સર અને ઓર્થોપેડિક્સની સારવાર માટે આવે છે.”

અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદમાં કેન્યા, તાન્ઝાનિયા, યુગાન્ડા, ઈથિયોપિયા વગેરે જેવા આફ્રિકાનાં ઘણાં દેશોનાં દર્દીઓ સારવાર માટે નિયમિતપણે આવે છે. આ દેશોમાં સ્પેશ્યાલાઈઝ સારવારનો અભાવ, મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઊણપ અને સારવારનાં ઊંચા ખર્ચ ઉપરાંત આ દેશોમાં હેલ્થકેરની સ્થિતિ નબળી હોવાથી તેઓ અપોલોને પસંદ કરે છે.

સત્તાવાર આંકડા મુજબ, ભારતમાં મેડિકલ વિઝા પર આવતાં વિદેશી પ્રવાસીઓ (એફટીએ)ની સંખ્યા ૨૦૧૪માં ૭૫,૬૮૮, ૨૦૧૫માં ૧,૩૪,૩૪૪ અને ૨૦૧૬માં ૨,૦૧,૩૩૩ હતી. આ ભારતમાં વિશ્વમાંથી મેડિકલ ટૂરિસ્ટની વધતી સંખ્યા દર્શાવે છે. ભારતમાં મેડિકલ ટૂરિસ્ટનાં બજારમાં વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધી ૨૨થી ૨૫ ટકાની વૃદ્ધિ થઈ છે, જે માટે વિકસિત દેશોમાં તબીબી સારવારનો ઊંચો ખર્ચ અને આ માટે ભારતને પસંદ કરતાં મેડિકલ ટૂરિસ્ટની વધતી સંખ્યા જવાબદાર છે.